ધાનેરામાંથી બિનવારસી ૭૫ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો

ધાનેરા પાલિકા ના ઉપપ્રમુખ શંકાસ્પદ ઘી બતાવનાર લોકો સામે દાદાગીરી કરતા લોકો વિફર્યા : ઉપપ્રમુખ તત્કાળ ભાગ્યા

ધાનેરા, તા. ૧૭

ધાનેરા ખાતે સાંજ ના સમયે બિન વરસી ઘી ના ડબ્બા મળી આવતા લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા ઘી ના ડબ્બા ઉપર સુરભી અને મીરાં નામના લેબલ; મરેલા હતા પણ આ બોક્ષ ખોલી જોયું તો તે માંથી બનાસ ઘી ના ડબ્બા મળ્યા હતા પાલિકા ના ઉપપ્રમુખ ઘટના સ્થળ પર આવી ઘી બતાવનાર લોકો સામે દાદાગીરી કરતા લોકો વિફર્યા હતા અને ઉપ પ્રમુખ ને આડે હાથે લેતા ઉપ પ્રમુખ ત્યાંથી ઉભી પુછ્દિયે ભાગ્યા હતા ત્યાર બાદ ધાનેરા પોલીસે ઘટના સ્થળે આવી આ ઘી ના ડબ્બાઓ પર કબજો મેળવી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી. જાણવા મળતી માહિતી અનુસાર ગઈ કાલે રાત્રે સાત વાગ્યા ના સુમારે ધાનેરા -નેનાવા રોડ બિનાકા હોટલ ની સામે આવેલી એક દુકાનના ઓટલા પર લોકોને શંકાસ્પદ ઘી દેખાતા લોકોના ળે-ટોળા ઉમટી પડ્યા હતાકૃહી લોકો દ્વરા મીડિયા ને જાન કરતા મીડિયા ની ટીમ પણ ઘટના સ્થળ પર પહોચી હતી અને ત્યાં જઈ જોયું તો એક દુકાનના ઓટલા પર સુરભી અને મીરાં નામના લેબલ વાળાક્ષરી ના બોક્ષ પડ્યા હતા પણ આ બોક્ષ ખોલી ને જોયું તો તે માંથી બનાસ ઘી ના ડબ્બા નીકળ્યા હતા ઘટના ની જાણ ધાનેરા નગરપાલિકા ના ઉપપ્રમુખ જગદીશ ઠક્કર ને થતા તે પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઘ્હે બત્વનાર લોકો સામે દાદાગીરી કરવા લાગ્યા હતા જેથી લોકો વિફર્યા હતા અને પાલિકા ના ઉપપ્રમુખ ને આડે હાથે લેતા ઉપપ્રમુખ ત્યાંથી ઉભી પુછ્ડીયે ભાગ્યા હતા અત્યારે તો લોકોમાં બસ એકજ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે ધાનેરા ના લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર વેપારી ને ધાનેરા પાલિકા ના ઉપપ્રમુખ કેમ બચાવી રહ્યા છો .....?કે પછી આ શંકાસ્પદ ઘી નો માલિક ઉપપ્રમુખ ને કઈ સગા વ્હાલો છે લોકો તો એવું પણ કહી રહ્યા છે કે આ ઘી ના માલિક દ્વરા જ પાલિકા ના ઉપપ્રમુખ ને ત્યાં મુકવામાં આવ્યા હતા જેથી તે પોતાનો રોફ બતાવી લોકોને ડરાવી ભગાડી દે પણ બાજી ઉલટી પડી હતી અને લોકો વિફરતા પાલિકા ના ઉપપ્રમુખ ને જ ત્યાંથી તત્કાળ ભાગવું પડ્યું હતું. ત્યાર બાદ ધાનેરા પોલીસ ને જાન કરતા ધાનેરા પોલીસે ઘટના સ્થળ પર જઈ શંકાસ્પદ ઘી ના જથ્થા પર કબજો મેળવ્યો હતો અને કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી. થોડા દિવસ અગાઉ પણ ધાનેરા પાસેથી એક શંકાસ્પદ ઘી ભરેલી ગાડી જડ્પાઈ હતી અને ધાનેરા પોલીસ દ્વરા આ ગાડી ને ધાનેરા પોલીસ સ્તેસને પણ લાવવામાં આવી હતી પણ મોડી રાત્રે પોલીસ દ્વરા આ ગાડી છોડી મુક્ત ધાનેરા ના લોકોએ ધાનેરા પોલીસ સામે પણ શંકા ની સોય સેવી હતી ત્યારે હવે જોવાનું એ રહે છે કે અત્યારે તો ધાનેરા પોલોસે આ શંકાસ્પદ ઘી ના જથ્થા પણ કબજો મેળવ્યો છે પણ પોલીસ આ બાબતે તપાસ કરે છે કે પછી આ ઘી પણ પેલાની જેમ મોડી રાત્રે છોડી મુકે છે તે તો આવનારો સમય જ બતાવશે

આચારસંહિતાની અમલવારી કરાવવા સારૂ નોડલ ઓફિસરશ્રીઓની બેઠક યોજાઈ

પાટણ, તા. ૧૭

પાટણ તાલુકા,જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ,પેટાચુંટણી ૨૦૧૫ અંતર્ગત આદર્શ આચારસંહિતાની અમલવારી કરાવવા સારૂ નોડલ ઓફિસરશ્રીઓની આચારસંહિતાના સુર્દઢ અમલીકરણ માટે વિસ્તૃત સમજ જાણકારી આપવા માટે જિલ્લા ચીફ નોડલ અધિકારીશ્રી હર્ષ વ્યાસ નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસના અધ્યક્ષસ્થાને તેમજ રચીતરાજ આઈએએસની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લામાં આચાર સંહિતાનીઅમલવારી અસરકારક રીતે થાય તે માટે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. અધ્યક્ષશ્રીએ નોડલ અધિકારીઓને આચારસંહિતા કામગીરી સુપેરે અસરકારક રીતે પાર પાડવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

માળીના છાપરીયા અને લાલોડામાંથી બાઈક ચોરાયા

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગર તાલુકાના માળીના છાપરીયા તથા ઈડર તાલુકાના લાલોડા ગામેથી તાજેતરમાં અજાણ્યા શખ્સો બે બાઈકની ચોરી કરીને લઈ જતા તે અંગે બાઈક માલિકોએ સંલગ્ન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે માળીના છાપરીયામાં રહેતા અબ્દુલલતીફ ગુલામહુસેન ચૌહાણએ બાઈક નં.જીજે.૯.એકયુ.૭૨૨ ને પોતાના ઘર આગળ પાર્ક કર્યુ હતું. જેની પંદરેક દિવસ અગાઉ અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. ત્યારબાદ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા અબ્દુલલતીફ ચૌહાણે સોમવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. તે જ પ્રમાણે લાલોડા ગામે રહેતા વિઠ્ઠલભાઈ સાંકાભાઈ પટેલના ઘર આગળ પાર્ક કરેલ બાઈક નં.જીજે.૯.એકયુ.૫૫૧૮ ની ગત રવિવારે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે વિઠ્ઠલભાઈ સાંકાભાઈ પટેલે ઈડર પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

ઉમેદની મુવાડીમાં છ શખ્સોએ બળદને ટ્રેકટર પાછળ બાંધી માર મારતાં મોત

તલોદ, તા. ૧૭

તલોદ તાલુકાની ઉમેદની મુવાડી ગામે ગામના છ શખ્સોએ સોમવારે ગુલાબની મુવાડી ગામમાંથી બળદને ટ્રેકટર પાછળ બાંધી દોડાવીને લાકડીઓથી બેરહમી રીતે માર મારતા મોતને ભેટયો હતો. જે અંગે બળદના માલિકે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

આ અંગે મળેલ વિગતો મુજબ ગુલાબની મુવાડી ગામના શામળભાઈ ગમાનભાઈ દેસાઈ સોમવારે સવારે ખેતરમાં બે બળદોને બાંધી ઘરે આવ્યા હતા.ત્યારબાદ સાંજે ખેતરમાં પરત જતા એક બળદ ખીલે બાંધેલ ન હતો. જેથી તપાસ કરતા જાણવા મળ્યુ હતું કે કેટલાક લોકો બળદને લઈ ગયેલ છે. જેથી શામળભાઈ બાઈક લઈ ઉમેદની મુવાડી ગામ ગયા હતા. જયાં રસ્તામાં ટ્રેકટરની પાછળ બાંધેલો બળદ દેખાયો હતો અને પાંચથી છ શખ્સો ટ્રેકટર દોડાવી બાંધેલા બળદને ક્રૂરતાથી લાકડીઓ વડે માર મારી રહ્યા હતા. જેથી શામળભાઈને આવતા જોઈ આ શખ્સો ટ્રેકટર લઈ ભાગી ગયા હતા. જોકે બળદનું મોત નિપજયુ હતું.

ત્યારબાદ શામળભાઈએ કુંટુંબીઓ સાથે તલોદ પોલીસ સ્ટેશનમાં ઉમેદની મુવાડીના શશીભાઈ ગોવિંદભાઈ પટેલ, જીગ્નેશ ગોવિંદભાઈ પટેલ, ગોવિંદભાઈ શામળભાઈ પટેલ, અમીત ચંદુભાઈ પટેલ, અર્પિત મનુભાઈ પટેલ તથા ચિંતન કનુભાઈ પટેલ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચૂંટણીના પગલે રાજકીય પક્ષો સાથે તંત્રની બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લાની જિલ્લા પંચાયત,તાલુકા પંચાયત,નગરપાલિકાઓ ની સામાન્ય પેટાચૂંટણીઓ ૨૦૧૫ યોજાઈ રહી છે. જિલ્લાના વિવિધ રાજકીય પક્ષો સાથે બેઠક જિલ્લા કલેકટર લોચન સેહરાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. રાજકીય પક્ષોની વિવિધ રજુઆતો સાંભળી તેનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે પણ ચુંટણી અધિકારીઓ સાથે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.જિલ્લામાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર બંદોબસ્ત ગોઠવવા સહિતની તમામ બાબતોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સહિત પાલિકાઓની ચુંટણીઓમાં ઈ.વી.એમ મશીનને લગતા પ્રશ્નો સહિતની તમામ નાની નાની બાબતો પર ચર્ચા કરાઈ હતી. આ ઉપરાંત અધિકારીઓને માઈકો ઓબઝર્વેશન કરવા પણ બેઠકમાં સુચન કરાયું હતું.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.લાંગા, જિલ્લા પોલીસ અધિક્ષક જે. આર. મોથલીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજા,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી વી. જે. રાજપૂત સહિત જિલ્લાના ચુંટણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજમાં અકસ્માતગ્રસ્ત કારમાંથી પચ્ચીસ હજારનો દારૂનો જથ્થો ઝડપાયો

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ હાઈવે પર આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર પાસેથી સોમવારે રાત્રે કાર અને ટ્રેકટર વચ્ચે અકસ્માત થતાં અકસ્માતગ્રસ્ત કારમાંથી રૂા.૨૫૯૫૦ નો પાસ પરમીટ વિનાનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જે અંગે પ્રાંતિજ પોલીસે કાર તથા દારૂના જથ્થા સાથે રૂા.૪,૨૭,૯૫૦નો મુદ્દામાલ કબજે લઈ કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે સોમવારે રાત્રે અહીંથી પસાર થઈ રહેલ કાર નં.જીજે.૦૧.આરકે.૩૭૪૭ અને એક ટ્રેકટર વચ્ચે અકસ્માત થયો હતો. ત્યારબાદ આ કારમાંથી પાસ પરમીટ વિનાનો રૂા.૨૫,૯૫૦નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જોકે કારનો ચાલક ભાગી ગયો હતો. ત્યારબાદ પ્રાંતિજ પોલીસે દારૂની ૭૧ પેટી તથા મોબાઈલ મળી કાર સહિત રૂા.૪.૨૭૯૫૦નો મુદ્દામાલ કબજે લીધો હતો અને કાર ચાલક વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

ડીસા માર્કેટયાર્ડ દ્વારા નૂતન વર્ષે મુખ્ય પ્રવેશદ્વાર અને અતિથિ ગૃહની ભેટ

ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને પ્રથમ વખત સ્નેહ મિલન યોજાયું

ખેડૂતો, વેપારીઓ અને સહકારી અગ્રણીઓએ પરસ્પર શુભેચ્છાઓ પાઠવી

ડીસા, તા. ૧૭

ડીસા માર્કેટયાર્ડ દ્વારા ડીસા-પાલનપુર હાઈવે પર અદ્યતન સુવિદ્યાસભર બનાવવામાં આવેલ મુખ્ય પ્રવેશદ્વાર અને ચુનિકાકા અતિથિ ગૃહને નવા વર્ષે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. ત્યાર બાદ વેપારી એશોશીએશન હોલ ખાતે ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને પ્રથમ વખત સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં સહકારી આગેવાનો, ખેડૂતો, વેપારીઓ, હમાલ-તોલાટ ભાઈઓ અને સ્નેહીજનોએ એક બીજાને પરસ્પર નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ઉત્તર ગુજરાતમાં વેપાર ક્ષેત્રે નામના ધરાવતી અને બનાસકાંઠા જીલ્લાની મહત્વની સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા છેલ્લા બે વર્ષથી ખેડૂતો તેમજ વેપારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણની સાથે સાથે માર્કેટયાર્ડના વિકાસની પણ જયોત પ્રજ્જવલીત કરી છે. ચેરમેન માવજીભાઈ દેસાઈની આગવી સુઝબુઝથી અતિ મહત્વના ડીસા-પાલનપુર હાઈવે પર અદ્યતન સુવિદ્યાસભર મુખ્ય પ્રવેશદ્વાર અને અતિથિ ગૃહનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે નૂતન વર્ષે ટેટોડા ગૌશાળાના બ્રહ્મચારી રામરતનજી મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે મુખ્ય પ્રવેશદ્વારને રીબીન કાપી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જયારે ડીસા માર્કેટયાર્ડ બનાવવામાં મહત્વનું યોગદાન આપનાર ડીસા એ.પી.એમ.સી. ના પૂર્વ ચેરમેન સ્વ. ચુનીકાકા પટેલની યાદમાં બનાવવામાં ચુનિકાકા અતિથિ ગૃહને તેમના પુત્ર દિલીપભાઈ પટેલ અને પ્રવિણભાઈ પટેલના હસ્તે રીબીન કપાવી ખુલ્લુ મુકાયું હતું. ત્યાર બાદ વેપારી એશોશીએશન હોલ ખાતે ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં સહકારી આગેવાનો, ખેડૂતો, વેપારીઓ તેમજ હમાલ-તોલાટ સહિત સ્નેહીજનોએ એકબીજાને પરસ્પર શુભેચ્છાઓ પાઠવી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

ડીસા એ.પી.એમ.સી. ના પૂર્વ ચેરમેન સ્વ. ચુનિકાકા પટેલની યાદમાં માર્કેટયાર્ડ દ્વારા બનાવવામાં આવેલ અદ્યતન સુવિદ્યાસભર ચુનિકાકા અતિથિ ગૃહના ઉદ્ઘાટન પ્રસંગે દિલીપભાઈ પટેલે જણાવ્યું હતું કે, ડીસા એ.પી.એમ.સી. દ્વારા વર્ષો બાદ મારા સ્વર્ગીય પિતાશ્રીને યાદ કરાયા છે તે બદલ હું ચેરમેન માવજીભાઈ દેસાઈ અને તેમની સમગ્ર ટીમને વંદન કરૂ છું.

ખેડબ્રહ્મા ઍસટી પોલીસ ચોકી બહાર પોલીસ કર્મચારીઓ દ્વારા જ ખોટું પાર્કિંગ

ખેડબ્રહ્મા ઍસટી પોલીસ ચોકીની બહાર પોલીસ જ પોતાનાં વાહનો ખોટી રીતે પાર્ક કરી રહી છે ત્યારે અન્ય લોકો કેવી રીતે કાયદાનું પાલન કરશે એ પ્રશ્ન સર્જાયો છે. નો પાર્કિંગના બૉર્ડ આગળ જ પોલીસ કર્મચારીઓ પોતાનાં વાહનો પાર્ક કરીને અન્ય વાહનો, રાહદારીઓ માટે અડચણ સર્જી રહ્યા છે.

ઊંઝામાં અપક્ષો અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

ઊંઝા, તા. ૧૭

ઊંઝા નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકો માટે યોજાનારી સામાન્ય ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વિવિધ વોર્ડમાં ચૂંટણી લડતા મુખ્યત્વે અપક્ષ અને જૂજ કોંગ્રેસના ઉમેદવારોએ મતદારોને રીઝવવા વિવિધ તરકીબો અજમાવી ચૂંટણીમાં વિજયી થવા મરણીયા પ્રયાસો શરૂ કર્યા હોવાનું કહેવાય છે.

પાટીદાર અનામતના મુદ્દે ઊંઝા શહેર સહિત તાલુકાના પાટીદારો ભાજપ સરકારથી સખ્ત નારાજ હોય તેમ જણાય છે. આ નારાજગીનો પડઘો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ઉપર પડ્યો છે. ઊંઝા પાલિકાની આ વખતની ચૂંટણીમાં ભાજપના ચિન્હ પર ચૂંટણી લડવા માટે કોઈ ઉમેદવાર આગળ આવ્યો નથી. પરિણામે નગરપાલિકામાં મોટાભાગે અપક્ષોએ ચૂંટણી જંગમાં ઝંડપલાવ્યું છે. જ્યારે કોંગ્રેસના ચિન્હ પર સૌ પ્રથમવાર પાંચ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકો પર કુલ ૪૩ ઉમેદવારો પૈકી કોંગ્રેસના ૧૭, ભાજપના ૧૬ અને ૧૦ અપક્ષો ચૂંટણી મેદાનમાં છે. તાલુકાની મક્તુપુરની બેઠક પર કોંગ્રેસના મહિલા ઉમેદવાર બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે. જ્યારે જિલ્લા પંચાયતની ઉનાવા, કામલી, કહોડા ત્રણ બેઠકો માટે કુલ ૧૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જેમાં ભાજપના ત્રણ, કોંગ્રેસના ત્રણ અને ચાર અપક્ષ ઉમેવારો વચ્ચે જંગ જામ્યો છે.

આ વખતની નગરપાલિકાની ચૂંટણીમાં મુખ્યત્વે અપક્ષો અને કોંગ્રેસના ફક્ત પાંચ ઉમેદવારો વચ્ચે પ્રતિષ્ઠાનો સીધો જંગ મંડાયો હોઈ કોઈપણ ભોગે ચૂંટણી જીતવા માટે શક્ય તમામ તરકીબો અજમાવવામાં આવી રહી છે.

આમાં કેટલાક ઉમેદવારો માટે ચૂંટણી પ્રતિષ્ઠાભરી બનતા નાણાં કોથળીઓ ખુલ્લી મુકીને મતો અંકે કરવાના જોરદાર પ્રયાસો થઈ રહ્યા હોવાનું ચર્ચાય છે. કેટલાક વોર્ડમાં પ્રતિષ્ઠા ભર્યા ચૂંટણી જંગને કારણે ઉમેદવારો ચૂંટણી જંગ જીતવા મરણીયા પ્રયત્નો કરતાં ચૂંટણી ખર્ચના હિસાબો અને આચારસંહિતાની ઐસી કી તૈસી થઈ રહ્યાનો આક્ષેપો થવા માંડ્યા છે.

એશિયાની પ્રથમ ક્રમાંકિત ગણાતી બનાસ ડેરીનો વિકાસ ભ્રામક !

ડેરીના તત્કાલીન ચેરમેને પરથીભાઈ ભટોળે ડેરીને દેવાના ડુંગર તળે ધકેલી

ઉત્તરપ્રદેશ અને હરીયાણામાં ૩૫૦૦ કરોડથી વધુનું નિરર્થક રોકાણ

મહેસાણા, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન બનાસ ડેરી ભલે હાલ એશિયાની પ્રથમ ક્રમાંકિત ગણાતી હોય પરંતુ સાચી હકીકત એ છે કે ડેરીનો આ કહેવાતો વિકાસ તદ્દન ભ્રામક છે કારણ કે, બનાસ ડેરીના પૂર્વ ચેરમેન અને તેમના પુત્ર દ્વારા ભ્રષ્ટાચાર આચરવાના માત્ર ઈરાદાથી નિરર્થક પ્રોજેક્ટોમાં રોકાણો કરી દેતા ડેરીની આર્થિક હાલત હાલમાં હાલક ડોલક બની જવા પામી છે અને મંડળીઓ માથે દેવાનો ડુંગર ખડકાઈ રહ્યો છે.

છેલ્લા ઘણા સમયથી વિવાદમાં રહેલી બનાસ ડેરીમાં છેલ્લા ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન ચલાવનાર બનાસડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા ડેરીમાં અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. જેની સામે હાઈકોર્ટે તપાસના આદેશ પણ આપેલા છે. ત્યારે તપાસ દરમ્યાન ભ્રષ્ટાચારની એક પછી એક વિગતો બહાર આવતા ખરેખર એશિયાની પ્રથમ ક્રમાંકિત કહેવાતી બનાસ ડેરીના ભ્રામક વિકાસની પોલ ખુલી રહી છે. બનાસડેરી દ્વારા ગુજરાત સિવાય ઉત્તર પ્રદેશ, હરીયાણા સહિતના રાજ્યોમાં ૪ હજાર કરોડના પ્રોજેક્ટ મુકેલા છે. જોકે આ પ્રોજેક્ટ બનાસ ડેરીની જરૂરીયાત માટે નહી પરંતુ પરથીભાઈ ભટોળ અને તેમના પુત્રને મળનારા કમિશન માટે ઉભા થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. રૂપિયા ૪ હજાર કરોડના નિરર્થક રોકાણના કારણે હાલમાં ડેરી દેવાના ડુંગર તળે દબાઈ જવા પામી છે.

બનાસડેરી સંચાલિત ૧૨૦૦ જેટલી મંડળીઓ છે. જેના પર આ રોકાણોના કારણે દેવાનું ભારણ વધતું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જ્યારે રૂ. ૪ હજાર કરોડનું વ્યાજ રૂપિયા ૪૦૦ કરોડ પણ મંડળીઓના માથે આવે તેમ છે. બનાસ ડેરી દ્વારા વિકાસની મોટી ગુલબાંગો પોકારવામાં આવી રહી છે પરંતુ તત્કાલીન ચેરમેનના ભ્રષ્ટાચાર અને અણઘડ વહીવટના કારણે ભવિષ્યમાં પશુપાલકોને દેવુ ચૂકવવાનો વારો આવે તેવી પરિસ્થિતિ હાલમાં જણાઈ રહી છે.

પલ્લાચરમાં મકાનમાં આગ લાગતાં ઘાસચારો બળી ગયો

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે આવેલા પટેલ ભગાભાઈ મણાભાઈના મકાનમાં અગમ્ય કારણોસર મંગળવારે બપોરે અચાનક આગ લાગતા ઘરના મેડા ઉપર ભરેલ ડાંગરનું સૂકુ ઘાસ સળગી ઉઠયુ હતું.

જોકે આ અંગે પ્રાંતિજ પાલિકાના બે ફાયર ફાઈટરોને બોલાવી આગને બુઝાવવા માટે પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ મહામહેનતે આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. તેમ છતાં ડાંગરનું ઘાસ બળીને ખાખ થઈ જતા મકાન માલિકને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જિલ્લામાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજવા વહીવટીતંત્ર સજ્જ

મોડાસા, તા. ૧૭

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવેલ છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મુક્ત અને ન્યાયિક વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર એસ.છાકછુઆકે જણાવ્યું છે.

રાજ્ય ચૂંટણી આયોગે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓની જાહેરાત કરતાં જ જિલ્લામાંતા. ૨૩-૧૦-૨૦૧૫થી આદર્શ આચાર સંહિતા અમલી બનેલ છે. જે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. કલેક્ટરશ્રીએ ચૂંટણીલક્ષી માર્ગદર્શિકાની વિસ્તૃત માહિતી આપતાં જિલ્લામાં મુક્ત અને નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજવા વહીવટીતંત્ર સજ્જ છે તેમ જણાવ્યું હતું.